તાપમાન
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૦૯ | ૨૯ જૂન, ૨૦૧૬, બુધવાર ; જેઠ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# કર્મચારીઓ માટે આજ લાભદાયી બની શકશે

**સાતમા વેતન પંચની ભલામણોને આજે કેબિનેટમાં મંજુરી મળી શકે : લીલીઝંડી આપ્યા બાદ અમલી બનાવવાની જાહેરાત થઇ શકે : એક કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોના વેતન અને ભથ્થામાં ઓછામાં ઓછા ૨૩.૫ ટકા સુધી વધારો થઇ શકે**

નવી દિલ્હી,તા. ૨૮

જેની સરકારી કર્મચારીઓ અને પેન્શનરો ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે સાતમા વેતન પંચની ભલામણોના સંબંધમાં બુધવારના દિવસે કોઈ મોટી જાહેરાત કરવામાં આવી શકે છે. આવતીકાલે બુધવારે કેન્દ્રિય કેબિનેટની બેઠક યોજાનાર છે જેમાં સાતમા વેતન પંચની ભલામણને મંજુરી આપીને તેને અમલી કરવાની જાહેરાત કરવામાં આવી શકે છે. નાણાં સચિન અશોક લવાસાએ ગઈકાલે કહ્યુ હતુ કે કેબિનેટ સચિવ પીકે સિંહાના નેતૃત્વમાં સચિવોની સમિતિએ વેતન પંચની ભલામણ પર પોતાનો હેવાલ સોંપી દીધો છે અને તેને સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટ બેઠક મળશે. જેમાં કેબિનેટ નોંધ રજૂ કરવામાં આવનાર છે. લવાસાએ કહ્યુ છે કે સાતમા વેતન પંચનો રિપોર્ટ પહેલી જાન્યુઆરીથી અમલી થનાર છે. કેબિનેટની બેઠક પર હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ભલામણોને મંજુરી આપીને તેને અમલી કરવાની જાહેરાત કરવામાં આવી શકે છે. જે હેઠળ એક કરોડથી વધારે કર્મચારીઓ અને પેન્શનરોના પગાર અને ભથ્થામાં ઓછામાંઓછો ૨૩.૫ ટકા સુધીનો વધારો થઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારી કર્મચારીઓ માટે વેતન પંચને અમલી બનાવવા નાણા મંત્રાલયને પહેલાથીઆદેશ કર્યો હોવાના અહેવાલ મળ્યા છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર અને ભથ્થામાં વધારો કરવાના સંદર્ભમાં પણ બુધવારના દિવસે કેબિનેટ બેઠકમાં ચર્ચા કરવામાં આવી શકે છે. સાતમાં વેતન પંચની ભલામણ મુજબ એમ્પાવર્ડ ગ્રુપ ઓફ સેક્રેટરી પેનલ દ્વારા કેટલાક પરિબળોની વાત કરી છે. વેતન પંચના અહેવાલને અમલી કરવામાં આવ્યા બાદ સરકારની તિજોરી પર ૧.૦૨ લાખ કરોડનો બોજ આવશે. કમિશન દ્વારા ૪૭ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૫૨ લાખ પેન્શરોને સીધો લાભ મળનાર છે.

## માલેગાંવ બ્લાસ્ટ મામલે સાધ્વી પ્રજ્ઞાના જામીન નામંજુર



નવીદિલ્હી,તા. ૨૮

સ્પેશિયલ નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) કોર્ટે આજે વર્ષ ૨૦૦૮ના માલેગાંવ બોંબ બ્લાસ્ટના કેસમાં ચાવીરુપ આરોપી સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુર દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજીને ફગાવી દીધી હતી. સ્પેશિયલ જજ એસ ટેકાલે દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો. ટેકાલે દ્વારા જામીન અરજી ઉપરચુકાદો ગયા સપ્તાહમાં મોકૂફ કરવામાં આવ્યો હતો.

## મોદીના ઈન્ટરવ્યુ બાદ ચીન બોલ્યુ ભારત સાથે સંબંધો સુધારીશુ



નવી દિલ્હી, તા. ૨૮

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચીન સાથેના સંબંધો સંદર્ભે કરાયેલ ટીપ્પણીના પ્રતિભાવ આપતા ચીને સત્તાવાર રીતે સંબંધ સુધારવા માટેની જાહેરાત કરી હતી.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા હાંગ લીને જણાવ્યું હતું કે, ભારતના પ્રધાનમંત્રીની ટીપ્પણીનો વિગતવાર અમે અભ્યાસ કર્યો છે. ભારત સાથે સંબંધ વણસાવવાનો અમારો કોઈ કે ક્યારેય ઈરાદો નહોતો. આમ છતાં નાની-મોટી ગેરસમજોને દૂર કરી સંબંધો સુધારવા અમારો સકારાત્મક વ્યવહાર હશે. સરહદના, વેપાર-વાણિજ્યના તથા સંયુક્ત સાહસ ક્ષેત્રના પડતર પ્રશ્નો અંગે સાથે બેસીને વિચારશું. બે દિવસ પૂર્વે ટાઈમ્સ-નાઉ પર પ્રધાનમંત્રી મોદીએ ચીનના સંબંધો મામલે કરેલા નિવેદનના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા.

# કાશ્મીરમાં આત્મઘાતી હુમલાનો ખતરો

**ઇન્ટેલીજન્સ એજન્સીઓના અહેવાલ બાદ એલર્ટની જાહેરાત : લશ્કરે તોઇબાના નવા ઓપરેશન કમાન્ડર માજિદ જરગર હુમલાઓને અંજામ અપાવી શકે : ખીણમાં ત્રાસવાદીઓ છુપાયેલા હોવાના પણ અહેવાલ મળ્યા**

નવીદિલ્હી, તા. ૨૮

જમ્મુ કાશ્મીરના પંપોરમાં સીઆરપીએફના કાફલા ઉપર કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલાના ત્રણ દિવસ બાદ ગુપ્તચર એજન્સીઓએ ચેતવણી આપતા કહ્યું છે કે, પુલગામ જિલ્લામાં લશ્કરે તોઈબાના નવા ઓપરેશન કમાન્ડર માજિદ જરગર આગામી દિવસોમાં નવેસરના આત્મઘાતી હુમલા કરી શકે છે. અત્રે નોંધનીય છે કે, પુલવામા જિલ્લામાં ગયા શનિવારના દિવસે બે ત્રાસવાદીઓએ સીઆરપીએફના કાફલા ઉપર હુમલો કર્યો હતો જેમાં આઠ જવાનો સહિત થયા હતા અને ૨૫થી વધુ ઘાયલ થયા હતા. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં પ્રકાશિત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેટલાક આત્મઘાતી હુમલાખોરોને માજીદ જરગરની પાસે મોકલવામાં આવ્યા હતા જેથી કાશ્મીર ખીણમાં તક મળતાની સાથે જ હુમલાને અંજામ આપી શકાય છે. ગુપ્તચર એજન્સીઓએ એવી ચેતવણી પણ આપી છે કે, તોઈબાના જે આતંકવાદી યુનિટે સીઆરપીએફ કાફલા ઉપર હુમલાને અંજામ આપ્યો હતો તે લશ્કરી છાવણી ઉપર પણ હુમલાઓ કરી શકે છે. ગૃહમંત્રાલય દ્વારા આ સંદર્ભમાં એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. સેના, રાજ્ય પોલીસ અને ગુપ્તચર સંસ્થાઓને સાવધાન રહેવા માટે કહેવામાં આવ્યું છે. મંત્રાલય દ્વારા તમામ એજન્સીઓ વચ્ચે વધારે તાલમેલ રાખવા માટે પણ કહેવામાં આવ્યું છે. સંયુક્ત ઓપરેશનમાં કોઈપણ પ્રકારની ભુલ ન થાય તે માટે પણ કહેવામાં આવ્યું છે. ગુપ્તચર અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લશ્કરે તોઈબા શ્રીનગરને ટ્રાન્ઝીટ પોઈન્ટ તરીકે ઉપયોગ કરે છે. સીઆરપીએફ બસ ઉપર કરવામાં આવેલા હુમલાને ગૃહમંત્રાલય માને છે કે, આ હુમલા વેળા કેટલીક ખામી રહી ગઈ હતી.

જ્યારે સીઆરપીએફનું કહેવું છે કે, તમામ નિયમો પાળવામાં આવ્યા હતા. કેટલાક અન્ય ત્રાસવાદીઓ હાલમાં કાશ્મીર ખીણમાં છુપાયેલા હોવાનું પણ જાણળા મળ્યું છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

STOCK MARKET LEADER
REQUIRED FOR NEW OFFICE
AT INFOCITY / SECTOR - 21
• Equity/Commodity Dealer : 2 Post
• Front Office Asst : 2 Post - Male
Deserving Candidate will get best salary package.Walk with full CV.
Bestboi Fin Solution AP of Kotak Securities Ltd.
F-13, Meghmalhar, Sector-11
Opp CNG pump, G'nagar. 9974703401
Mail : bestboi123@gmail.com

રોયલ ફેમીલી/કપલ પ્રવાસ
કેરાલા 9999/-
ઉતરાંચલ 10999/-
દ. ભારત 13500/-
કાશ્મીર 8999/-
હિમાચલ 9999/-
સિક્કિમ 13500/-
ભારત ટુરીઝમ
૨, શેફાલી સેન્ટર, પાલડી
26572800
9925925333


